
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૬ | ૧૭ માર્ચ, ૨૦૨૦, મંગળવાર; ફાગણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોનાના હાહાકાર વચ્ચે શેરબજાર ધરાશાયી

**સેંસેક્સ વધુ ૨૭૧૩ પોઇન્ટ સુધી ગગડ્યો : નિફ્ટીમાં રેકોર્ડ ૭૫૬ પોઇન્ટનો ઘટાડો થતાં ચિંતાનું મોજુ ફેલાયુ : વિશ્વભરના દેશોમાં કોરોનાના પ્રકોપ વચ્ચે સેંસેક્સ ઇતિહાસમાં સૌથી મોટો બીજો ઘટાડો થયો : એનએસઈની ૪૯ કંપનીઓમાં જોરદાર વેચવાલી નોંધાઈ**



મુંબઈ, તા.૧૬

શેરબજારમાં આજે કોરોના વાયરસને લઈને ભારે હાહાકારની સ્થિતિ યથાવતરીતે રહી હતી. આજે પણ શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયું હતું. રોકાણકારોએ લાખો કરોડ રૂપિયાની સંપત્તિ એક જ દિવસમાં આજે ગુમાવી દીધી હતી. આજે બ્લેક મન્ડેની સ્થિતિ વચ્ચે શેરબજારના ઈતિહાસમાં બીજો સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. મુંબઈ સ્ટોક એક્સચેંજમાં બીએસઈ સેંસેક્સ ૨૭૧૩ પોઈન્ટ અથવા તો ૭.૯૬ ટકા ઘટી જતાં સેંસેક્સ કારોબારના અંતે ૩૧૩૯૦ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સના તમામ ૩૦ શેર મંદીમાં રહ્યા હતા. ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં સૌથી વધુ ૧૭.૫ ટકાનો ઘટાડો રહેતા તેના શેરની કિંમત ૬૬૩ રહી હતી.

તાતા સ્ટીલમાં ૧૧ ટકા, એક્સિસ બેંકમાં ૧૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેંકમાં ૧૦ ટકાનો ઘટાડો રહ્યો હતો. નિફ્ટીમાં ૭૫૮ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૯૧૯૭ રહી હતી. એકમાત્ર યસ બેંકના શેરમાં ૪૫ ટકાનો ઉછાળો રહ્યો હતો જેથી તેના શેરની કિંમત ૩૭ રૂપિયા થઈ હતી. તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં આજે ઘટાડો રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ફેબ્રુઆરીમાં જથ્થાબંધ ફુગાવો દર ઘટીને ૨.૨૬ ટકા થયો

**આમ આદમી માટે રાહત : જાન્યુઆરીમાં આ દર ૩.૧ ટકા હતો : દાળ અને શાકભાજીના ભાવ ઘટતા મોંઘવારી ઘટી : આગામી મહીને આરબીઆઇ નીતિગત દરોની સમીક્ષા કરશે**

ન્યુ દિલ્હી,તા.૧૬

ફેબ્રુઆરીમાં મધ્યમ વર્ગનાં લોકોને મોટી રાહત મળી છે. જથ્થાબંધ ફુગાવો દર ઘટીને ૨.૨૬ ટકા થઈ ગયો છે. આ પહેલાં જાન્યુઆરી ૨૦૨૦માં જથ્થાબંધ ભાવ આધારિત મોંઘવારી ૩.૧ ટકા હતી. જે ડિસેમ્બર ૨૦૧૯માં તે ૨.૫૯ ટકાએ હતી. વર્ષ ૨૦૧૯ની સમાન સમયગાળામાં જથ્થાબંધ ભાવ અનુક્રમણિકા આધારિત મોંઘવારી ૨.૯૩ ટકા હતી. સરકારે સોમવારનાં રોજ મોંઘવારીનાં આંકડાઓ રજૂ કર્યા જે અનુસાર મુખ્ય રૂપથી ખાવા-પીવાનાં સામાનનાં જાન્યુઆરીની હરિફાઈએ ફેબ્રુઆરીમાં સસ્તા થવાને કારણ જથ્થાબંધ ફુગાવાનાં દરમાં આ ઘટાડો આવ્યો છે. મોંઘવારી દરમાં ઘટાડો આવવાનું સૌથી મોટું કારણ દાળ અને શાકભાજીઓની કિંમતમાં ઘટાડો છે. પરંતુ ઈંડા અને માંસ-માછલીનાં મોંઘવારી દરમાં થોડી તેજી ફેબ્રુઆરીમાં જોવા મળી છે.



ઈંડા અને માંસ-માછલીનો મોંઘવારી દર ૬.૭૩ ટકાથી વધીને ૬.૮૮ ટકાએ આવી ગયો. બટાકાનાં મોંઘવારી દરમાં પણ ઘટાડો જોવા મળ્યો. શાકભાજીઓમાં આનાં ભાવમાં ઘટાડાની અસર અનાજની મોંઘવારીમાં કપાતની રીતે જોવા મળી રહી છે. ફેબ્રુઆરીમાં દાળનો જથ્થાબંધ ફુગાવો ૧૨.૮૧ ટકાથી ઘટીને ૧૧.૪૨ ટકા, જ્યારે બટાકાનો

● અનુસંધાન પાન-૭ પર

# આજે ફ્લોર ટેસ્ટ માટે કમલનાથને આદેશ

**આજે ફ્લોર ટેસ્ટમાં પિક્ચર સ્પષ્ટ : મધ્યપ્રદેશમાં જોરદાર ઘટનાક્રમોના દોર વચ્ચે ભાજપ ધારાસભ્યો ટંડનને મળ્યા : કમલનાથ સરકાર પર સંકટના વાદળો ઘેરાયા**

ભોપાલ, તા. ૧૬

મધ્યપ્રદેશમાં જારી રાજકીય કટોકટી વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. કમલનાથના નેતૃત્વમાં કોંગ્રેસ સરકાર ઉપર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. કારણ કે, રાજકીય ઘટનાક્રમના દોર વચ્ચે મધ્યપ્રદેશના રાજ્યપાલ લાલજી ટંડને આવતીકાલે મંગળવારના દિવસે ફ્લોર ટેસ્ટનો સામનો કરવા મુખ્યમંત્રી કલમનાથને સૂચના આપી દીધી છે. સોમવારના દિવસે ફ્લોપ ટેસ્ટનો સામનો કરવા કલમનાથને પહેલા કહેવામાં આવ્યાના બે દિવસ બાદ ટંડન તરફથી નવો આદેશ આવ્યો છે. ૨૬મી માર્ચ સુધી ગૃહને મોકૂફ રાખવાના નિર્ણય બાદ આ નિર્ણયોની કોઈ અસર દેખાઈ રહી છે. મધ્યપ્રદેશમાં ફ્લોર ટેસ્ટ ટાળવા અને ૨૬મી માર્ચ સુધી વિધાનસભાની કાર્યવાહી સ્થગિત કરી દીધા બાદ ભાજપના ધારાસભ્યો લાલજી ટંડનને મળવા માટે પહોંચ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ૧૦૬ ધારાસભ્યોના સમર્થનપત્રો પણ સોંપ્યા હતા. ભાજપના ધારાસભ્યોએ રાજ્યપાલ સમક્ષ રજૂઆત કરી હતી કે, તેઓ સ્વેચ્છાથી પહોંચ્યા છે. રાજ્યપાલે ભાજપના ધારાસભ્યોને ખાતરી આપતા કહ્યું હતું કે, તમામના અધિકારોનું રક્ષણ કરવામાં આવશે. વહેલીતકે ફ્લોર ટેસ્ટની માંગણી કરવામાં આવી હતી. સોમવારના દિવસે ફ્લોર ટેસ્ટ ટળવા અને ગૃહની કાર્યવાહીને મોકૂફ કરી દેવામાં આવ્યા પછી નવેસરનો ઘટનાક્રમ આવ્યો હતો. વિધાનસભાને સ્થગિત કરવાના નિર્ણય પર ભાજપના મધ્યપ્રદેશ એકમે સુપ્રીમ કોર્ટમાં પણ રજૂઆત કરી હતી જેમાં માંગ કરવામાં આવી હતી કે, રાજ્યપાલ લાલજી

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના... અપડેટ

| દેશ | કુલ કેસ | નવા કેસ | મોતનો આંકડો |
|---|---|---|---|
| ચીન | ૮૦૮૬૦ | ૧૬ | ૩૨૧૩ |
| ઈટાલી | ૨૪૭૪૭ | - | ૧૮૦૯ |
| ઈરાન | ૧૪૯૯૧ | - | ૭૨૪ |
| દક્ષિણ કોરિયા | ૮૨૩૬ | ૭૪ | ૭૫ |
| સ્પેન | ૮૭૪૪ | - | ૨૯૨ |
| જર્મની | ૬૬૧૨ | ૫૦ | ૧૩ |
| ફ્રાંસ | ૫૪૨૩ | - | ૧૨૭ |
| અમેરિકા | ૩૮૧૪ | ૧૦૨ | ૬૯ |
| સ્વિસ | ૨૨૧૭ | - | ૧૪ |
| યુકે | ૧૩૯૧ | - | ૩૫ |
| નોર્વે | ૧૨૫૬ | - | ૦૩ |
| નેધરલેન્ડ | ૧૧૩૫ | - | ૨૦ |
| સ્વિડન | ૧૦૪૦ | - | ૦૩ |
| બેલ્જિયમ | ૮૪૦ | - | ૦૪ |
| ડેન્માર્ક | ૮૬૪ | - | ૦૨ |
| ઓસ્ટ્રિયા | ૮૬૦ | - | ૦૧ |
| જાપાન | ૮૩૯ | - | ૨૪ |
| ડાયમંડ પ્રિન્સ | ૬૯૬ | - | ૦૭ |
| કેનેડા | ૩૪૧ | - | ૦૧ |
| ગ્રીસ | ૩૩૧ | - | ૦૪ |
| ઓસ્ટ્રેલિયા | ૩૦૦ | - | ૦૫ |
| કુલ | ૧,૭૪,૨૯૫ | | ૬,૬૭૨ |

## દિલ્હીમાં ૫૦ લોકોના એકઠા થવા પર રોક

નવીદિલ્હી, તા. ૧૬

કોરોના વાયરસનો સામનો કરવા માટે દિલ્હીમાં એક પછી એક પગલા લેવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, હવે કોઈપણ પ્રકારના કાર્યક્રમ, પ્રદર્શનમાં ૫૦થી વધુ લોકો એકત્રિત થઈ શકશે નહીં. પહેલા આ સંખ્યા ૨૦૦ રાખવામાં આવી હતી. અલબત્ત લગ્ન પ્રસંગને રાહત આપવામાં આવી છે. જીમ, નાઈટ ક્લબ, સ્પાને પણ ૩૧મી માર્ચ સુધી બંધ કરવાનો નિર્ણય કરાયો છે. કેજરીવાલે કહ્યું હતું કે, લગ્ન પ્રસંગમાં છુટછાટ આપવામાં આવી છે. કેજરીવાલે લોકોને અપીલ કરતા કહ્યું છે કે, જો શક્ય હોય તો લગ્ન પ્રસંગને ૩૧મી માર્ચથી આગળ વધારી શકાય છે.

# મહારાષ્ટ્રમાં કોરોનાનો ભારે હાહાકાર

**ભારતમાં કોરોનાના કેસો ૧૧૭થી વધુ : મહારાષ્ટ્રમાં વધુ પાંચ કેસ સપાટી પર આવતા કેસોની સંખ્યા ૩૮ : કોરોના વાયરસને અટકાવવા માટે તમામ જરૂરી પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં ચિંતાજનક વધારો નોંધાયો**

નવીદિલ્હી, તા. ૧૬

સમગ્ર દુનિયામાં કોરોના વાયરસનો આતંક જારી છે ત્યારે ભારતમાં પણ કોરોના વાયરસના પોઝિટિવ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે ઝડપી વધારો થઈ રહ્યો છે. ભારત સરકાર તરફથી સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં જુદા જુદા રાજ્યોમાં કેસો વધ્યા છે. મહારાષ્ટ્રમાં નવા પાંચ કેસ સપાટી ઉપર આવતા રાજ્યમાં કેસોની સંખ્યા વધીને ૩૮ ઉપર પહોંચી ગઈ છે. દેશમાં સૌથી વધુ કેસ મહારાષ્ટ્રમાં ૩૮ નોંધાયા છે જ્યારે દેશમાં કોરોના વાયરસના કુલ કેસોની સંખ્યા ૧૧૭થી ઉપર પહોંચી ચુકી છે. હજુ પણ મોટી સંખ્યામાં દર્દીઓ નિરીક્ષણ હેઠળ છે અને તેમના ટેસ્ટ પરિણામની રાહ જોવામાં આવી રહી છે. મુંબઈ, નવી મુંબઈ યેવાતમલમાં કોરોનાના પાંચ નવા કેસ નોંધાઈ ચુક્યા છે. પુણેમાં સૌથી વધુ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. ભારતમાં નવા નવા કેસો નોંધાતા કુલ કેસોની સંખ્યા વધીને હવે ૧૧૭થી ઉપર પહોંચી ગઈ છે.



## સિદ્ધિવિનાયક મંદિર બંધ રખાશે

**સાવચેતીના પગલારુપે આગામી હુકમ સુધી સિદ્ધિવિનાયક મંદિર બંધ રહેશે ગ્રુપ ટુર બંધ રાખવા માટે નિર્ણય : મુંબઈમાં કલમ ૧૪૪ અમલી કરી દેવાઈ**

મુંબઈ, તા.૧૬

કોરોનાના કહેરે હવે શ્રદ્ધાળુઓમાં પણ દહેશત ફેલાવી દીધી છે. મુંબઈના લોકપ્રિય સિદ્ધિ વિનાયક મંદીરને આગામી આદેશ સુધી બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સોમવારના દિવસે સાંજે સાત વાગ્યાથી જ સિદ્ધિ વિનાયક મંદિરને બંધ કરવાનો નિર્ણય કરાયો છે. મંદિર હવે ક્યારે ખુલશે તે સંદર્ભમાં મોડેથી સૂચના જારી કરવામાં આવશે. આ મંદિર ભારેભરચક વાળા વિસ્તારમાં આવે છે. આવી સ્થિતિમાં કોરોના વાયરસના ખતરાને ધ્યાનમાં લઈને નિર્ણય લેવાયો છે. એકલા મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ૩૮ કેસ સપાટી ઉપર આવી ચુક્યા છે. રાજ્યભરમાં હાહાકાર મચેલો છે. તમામ સ્કુલો અને કોલેજોને બંધ કરવામાં આવી ચુકી છે.

યુનિવર્સિટીની પરીક્ષાઓને ટાળવાની દિશામાં પણ તંત્ર આગળ વધી રહ્યું છે. પંચાયત અને સ્થાનિક ચૂંટણીઓ ત્રણ મહિના માટે ટાળી દેવામાં આવી છે. મહારાષ્ટ્રમાં કોરોનાના સૌથી વધુ કેસ પુણેમાં નોંધાયા છે. મુંબઈમાં પણ કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધી રહી છે. મુંબઈ પોલીસે પહેલાથી જ કલમ ૧૪૪ લાગૂ કરી દીધી છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કેસોની વાત કરવામાં આવે તો પુણેમાં સૌથી વધુ ૧૬, મુંબઈમાં આઠ, નાગપુરમાં ચાર, રાયગઢ, નવી મુંબઈ અને યેવાતમલમાં ત્રણ-ત્રણ કેસ નોંધાયા છે.

# નિર્ભયા કેસના દોષિતોના પરિજનોએ રાષ્ટ્રપતિ પાસે ઈચ્છામૃત્યુ માગ્યું

**ચારેય આરોપીઓને ૨૦ માર્ચે સવારે ૫.૩૦ વાગ્યે ફાંસી અપાશે : તિહાર જેલમાં ફાંસીની તૈયારીઓ શરૂ : જલ્લાદને ત્રણ દિવસ વહેલો બોલાવાયો**

ન્યુ દિલ્હી,તા.૧૬

નિર્ભયા ગેંગરેપ કેસમાં હવે નવો વળાંક આવ્યો છે. ફાંસીની સજા પામેલા ચારેય દોષિતોના પરિવારજનોએ હવે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર લખીને ઈચ્છામૃત્યુની અનુમતી માંગી છે. ઈચ્છામૃત્યુ માંગનારા લોકોમાં દોષિતોના વૃદ્ધ માતા-પિતા, ભાઈ-બહેન અને તેમના બાળકો સામેલ છે.

નિર્ભયાના દોષિતોના પરિજનોએ હિન્દીમાં રાષ્ટ્રપતિને લખેલા પત્રમાં કહ્યું છે કે અમે દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને પીડિતાના માતા-પિતાને વિનંતી કરીએ છીએ અમારા અનુરાધોને સ્વીકાર કરે અને અમને ઈચ્છામૃત્યુની મંજૂરી આપે. તેઓએ કહ્યું કે અમને ઈચ્છામૃત્યુ આપવાથી ભવિષ્યમાં થનારા કોઈ પણ અપરાધને રોકી શકાય છે. તેઓએ કહ્યું કે જો અમારા સમગ્ર પરિવારને ઈચ્છામૃત્યુ આપવામાં આવે છે તો નિર્ભયા જેવી બીજી ઘટના રોકી શકાય છે.

હકીકતમાં હવે ચારેય દોષીતોના પરિવારજનોમાં થઈ કુલ ૧૩ લોકોએ રાષ્ટ્રપતિ પાસે આ માગ કરી છે. તેમાં મુકેશના પરિવારના ૨, પવન-વિનયના ૪-૪ અને અક્ષયના પરિવારના ૩ સભ્યો સામેલ છે. પરંતુ કાયદાકીય પત્રનો કોઈ મતલબ નથી અને કાયદામાં આવી કોઈ ઈચ્છા મૃત્યુની જોગવાઈ નથી.

દોષિતોના પરિજનોએ કહ્યું છે કે, એવું કોઈ પાપ નથી, જેને માફ ન કરી શકાય. તેઓએ કહ્યું કે પહેલા જ દેશના મહાપાપીઓને માફ કરવામાં આવી રહ્યા છે. બદલાની પરિભાષા શક્તિ નથી. ક્ષમા કરવું જ સૌથી મોટી શક્તિનું ઉદાહરણ છે. ઉલ્લેખનીય છે કે, નિર્ભયાના તમામ દોષિતો વિનય શર્મા, અક્ષય સિંહ ઠાકુર, પવન ગુપ્તા અને મુકેશને ૨૦ માર્ચ સવારે સાડા પાંચ વાગ્યે ફાંસી આપવાની છે.

નિર્ભયાના ચારેય દોષિતોને પોતાની ફાંસીની સજા માફ કરવા માટે દયા અરજી રાષ્ટ્રપતિની પાસે મોકલી હતી, જેને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ફગાવી ચૂક્યા છે. જોકે દોષી અક્ષયસિંહ ઠાકુરે નવી દયા અરજી દાખલ કરી છે, જેમાં તેણે કહ્યું છે કે રાષ્ટ્રપતિએ જે જૂની દયા અરજી દાખલ કરી હતી તેમાં તમામ વિગતોનો ઉલ્લેખ નહોતો.

તિહાર જેલ પ્રશાસને નિર્ભયાના ગુનેગારોને ફાંસી આપવાની તૈયારી શરૂ કરી દીધી છે. જેલ અધિકારીઓએ ઉત્તર પ્રદેશના મેરઠ નિવાસી પવન જલ્લાદને ફાંસી આપવાના ત્રણ દિવસ પહેલા ૧૭ માર્ચે તિહાર જેલ આવીને રિપોર્ટ કરવા માટે કહ્યું છે.

# ઈટલીમાં બીજા વિશ્વયુદ્ધ કરતાં બદતર સ્થિતિ : એક દિવસમાં ૩૬૮ના મોત

**કોરોનાનો કહેર: ૧૫૭ દેશોમાં પગપેસારો : ૬૫૦૦થી વધુના મોત : વાઈરસના કુલ ૧,૬૯,૫૧૫ કેસ નોંધાયા : જર્મનીએ પાંચ દેશ સાથેની બોર્ડર બંધ કરી**

વૉશિંગ્ટન,તા.૧૬

કોરોના વાઈરસનો પ્રકોપ હવે ૧૫૭ દેશો સુધી ફેલાઈ ગયો છે. સોમવારે સવાર સુધીમાં કુલ ૧,૬૯,૫૧૫ કેસ સામે આવ્યા છે. મૃત્યુઆંક ૬,૫૧૫ સુધી પહોંચી ગયો છે. સારી વાત એ છે કે, ૭૭,૭૫૩ લોકો ઈન્ફેક્શનમાંથી સારા પણ થયા છે. અમેરિકાએ ૨૯ રાજ્યોની સ્કૂલોમાં આગામી આદેશ ન મળે ત્યાં સુધી સ્કૂલો બંધ કરવાનો આદેશ આપ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ સરકારના જણાવ્યા પ્રમાણે બે હજાર હાઈસ્પીડ લેબ સોમવારથી શરૂ થશે. પોપ ફ્રાન્સિસ પણ વેટિકનથી નીકળીના રોમની ખાલી રસ્તાઓ પર નીકળ્યા હતા. તેમણે મહામારી ઝડપથી ખતમ થાય તે માટે પ્રાર્થના કરી હતી. કોરોના વાઈરસના કારણે ઈટાલીમાં

● અનુસંધાન પાન-૭ પર

